# થર્ટી ફર્સ્ટ માટે પોલીસનો એક્શન પ્લાન તૈયાર

**દારૂ પીધેલા યુવાનોને પકડવા બ્રીથ એનેલાઈઝર સાથે પોલીસ કોઈ પણ રસ્તા વચ્ચે ડ્રાઈવ શરૂ કરી દેશે : મહેફીલો અટકાવવા ફાર્મ હાઉસો પર વોચ : છેડતી અટકાવવા એન્ટી રોમીયો સ્કવોર્ડ ખાનગી ડ્રેસમાં ફરશે**

ગાંધીનગર, તા.૨૯

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની નાઈટમાં ડીજે નાઈટની ધામધૂમ થશે અને યુવાનો ડી.જે.ના તાલે ઝુમશે. તે માટે ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ડીજે નાઈટના આયોજન પણ થઈ ગયા છે. આ વિસ્તારોમાં યુવતીઓ સાથે છેડતી, દારૂનો નશો કરીને ફરતા નબીરાઓ દ્વારા ધમાલ, મારામારી સહિતના બનાવો બનતા હોવાના દર થર્ટી ફર્સ્ટ નાઈટના રેકોર્ડ છે. ગાંધીનગરમાં આવી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે જિલ્લા પોલિસ દ્વારા એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. તે ઉપરાંત ડીજે નાઈટના આયોજકોને પણ કડક સુચના આપી દેવામાં આવી છે કે કોઈ વ્યક્તિ પીધેલી હાલતમાં પ્રવેશ ન કરે તે માટે બ્રીથ એનેલાઈઝરથી ચેકીંગ અવશ્ય કરવું અને આયોજનના સ્થળ ઉપર પુરતી વ્યવસ્થા માટે બાઉન્સરની વ્યવસ્થા પણ રાખવી.

આયોજકોને ઉપરોકત સુચનાઓનું કડકપણે પાલન કરવાના આદેશ આપ્યા ઉપરાંત પોલિસ પણ બ્રીઝ એનેલાઈઝર લઈને નાઈટમાં નીકળશે અને શહેરના કોઈ પણ સર્કલ કે આંતરિક રસ્તાઓમાં તથા પ્રવેશ દ્વારો ઉપર આકસ્મિક ચેકીંગ શરુ કરી દઈને પ્રોહીબીશન ડ્રાઈવ ચલાવશે. ડીજે પાર્ટીના સ્થળે ખાનગી ડ્રેસમાં પોલિસ ફરશે અને રોમિયોગીરી કરતા શખ્સોને પકડીને જેલના સળિયા પાછળ ધકેલશે. તે ઉપરાંત શહેરભરમાં સતત નાઈટ પેટ્રોલીંગ રાખી રાત્રે ૧૦ના ટકોરે ડી.જે. પાર્ટી બંધ કરાવી દેશે. તદુપરાંત તમામ સ્થાનિક પોલિસ સ્ટેશનોની એન્ટી રોમિયો સ્કવોર્ડને પણ એકટીવ કરી દેવામાં આવશે. ફાર્મ હાઉસોમાં દારૂની મહેફીલો ના જામે તે માટે પોલિસ દ્વારા ખાસ વૉચ રાખવામાં આવી છે.

નોંધનીય બાબત છે કે જીગ્નેશ મેવાણી દ્વારા અમદાવાદમાં દારૂબંધી કડક કરાવવા જે રીતે પોલિસને ભીંસમાં લઈ વિરોધ કાર્યક્રમો આરંભ્યા છે તે રીતે ગાંધીનગરમાં કાંઈ ન કરી નાંખે તે માટે પણ સ્થાનિક પોલિસને સતર્ક રહેવા અને એકેય દેશી-વિદશી દારૂના અડ્ડા ન ચલાવવા દેવા કડક સુચના આપી દેવામાં આવી છે.



## ગૃહ રાજ્ય મંત્રી તરીકે પદભાર સંભાળતા પ્રદિપસિંહ જાડેજા

ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે તેમનો હોદ્દાનો પદભાર સંભાળ્યો હતો. તેમની ચેમ્બરમાં પૂજન-અર્ચન કરી અભિજીત મૂર્હુત ૧૨-૩૯ કલાકે પૂજન-અર્ચન કરીને હોદ્દો સંભાળ્યો ત્યારે ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત તેમના શુભેચ્છકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. પદભાર સંભાળ્યા બાદ ગૃહ રાજ્ય મંત્રી શ્રી જાડેજાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભાજપાના રાષ્ટ્રીય નેતૃત્વએ મને જે બીજીવાર જવાબદારી સોંપી છે તેને હું નિષ્ઠાપૂર્વક અદા કરીને ગુજરાતની શાંતિ, સલામતી અને. સમૃદ્ધિને વધુ મજબૂત બનાવીશ. રાજ્યની છ કરોડ જનતાએ અમને ફરીથી સેવા કરવાનો મોકો આપ્યો છે તે માટે જનતાનો પણ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, શાંત, સલામત અને સમૃદ્ધ રાજ્ય તરીકે ગુજરાતની દેશમાં જે શાન છે તે વધુને વધુ બળવતર બને તેવા પ્રયાસો રાજ્યનું ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

## આજથી અમદાવાદમાં યોજાશે નયન રમ્ય-મોહક ફલાવર શો

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ, શનિવાર તા.૩૦ ડિસેમ્બરે અમદાવાદ મહાપાલિકા આયોજિત ફલાવર શો-૨૦૧૮નો સવારે ૯/૩૦ કલાકે પ્રારંભ કરાવશે.

આ ફલાવર શો આગામી ૯ જાન્યુઆરી-૨૦૧૮ સુધી સવારે ૧૦ થી રાત્રે ૯ દરમિયાન જાહેર જનતા માટે સાબરમતી રિવર ફ્રન્ટ ઈવેન્ટ ગ્રાઉન્ડ ટાગોર હોલ પાછળ, ખૂલ્લો રહેશે.

૨૦૧૩ના વર્ષથી યોજાઈ રહેલા આ અમદાવાદ ફલવાર-શો ની આ વર્ષની ૬ઠ્ઠી શૃંખલામાં ૧ લાખ ચોરસ મીટર વિશાળ જગ્યામાં ફલાવર-શો નું આયોજન મહાપાલિકાએ કર્યુ છે.

પ્રતિ વર્ષ યોજાતા ફલવાર-શો માં મુખ્યત્વે દેશ-વિદેશનાં વિવિધ જાતોના ફુલોના રોપાઓનું તેમજ ફુલોમાંથી બનાવેલા જુદા જુદા પ્રાણીઓ અને પક્ષીઓ તેમજ સ્થાપત્યોના સ્કલ્પચરનું પ્રદર્શન રાખવામાં આવે છે. ઉપરાંત દેશના અન્ય રાજ્યોની ખ્યાતનામ નર્સરીઓ, જંતુનાશક દવા, બિયારણ, ખાતર અને ગાર્ડનના ઓજારોના વેચાણ માટેના સ્ટોલ્સ પણ ઉભા કરવામાં આવે છે. મુલાકાતીઓ ખુબ મોટા પાયે ફુલ-છોડના રોપા અને દવા, બીયારણ, ખાતર, ઓજારો વગેરેની ખરીદી અહીથી કરે છે.

## હાર્દિક પટેલે કોંગ્રેસ પાસે ૩૦ ટિકિટ માંગી હતી : બામણિયા

ગાંધીનગર,તા.૨૯

વિધાનસભાની ચૂંટણીમાં મતદાન પૂર્વે પત્રકાર પરિષદ



બોલાવીને PASS સામે આક્ષેપો કરનાર દિનેશ બાંભણિયાએ આજે ફરી વખત ચોંકાવનારા આક્ષેપો અને સવાલો સાથે યુટર્ન લેતા જણાવ્યું છે કે, મેં પાસમાંથી ક્યારેય રાજીનામુ આપ્યુ જ નથી ! અલબત, તેમણે ખૂલ્લો આક્ષેપ કરતા કહ્યું હતું કે હાલ પાસમાં ધતિંગ ચાલી રહ્યા છે. તેની સામે મારો સ્પષ્ટ વિરોધ છે.

આવતીકાલે ભાવનગરમાં આયોજીત પાસની ચિંતન શિબિરને કોંગ્રેસના એજન્ટોની શિબિર ગણવતા આજે ફરી વખત યોજાયેલી પત્રકાર પરિષદમાં પાસના ટોચના આગેવાન રહી ચૂકેલા બાંભણિયાએ જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન સમિતીના નામે જે ધતીંગ થતા હતાં, તેનો વિરોધ કરવાના પ્રયાસો કર્યા છે. ચૂંટણી પહેલા મેં મર્યાદિત નિવેદનો કરીને હકિકત સામે રાખી છે. એક તરફ આંદોલન બિનરાજકીય હોવાનું કહેવાય છે તો પછી ચૂંટણીના પરિણામો બાદ ચિંતન શા માટે ? ચૂંટણીમાં કોંગ્રેસ બચાવો, ભાજપ ભગાવો, EVM હટાવો વગેરે જેવી વાતો થતી હતી. આવી વાતો કેટલી વ્યાજબી છે. જેલમાં ગયેલા લોકોના પરિવારજનો બિચ્ચારા આર્થિક મૂશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જ્યારે પાસના કહેવાતા આગેવાનો વૈભવી જીવનશૈલી જીવી રહ્યા છે.

પાસની ચિંતન શિબિરમાં મર્યાદિત લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. જો સમાજ માટે લડત ચાલતી હોય તો પછી તેમાં પ્રવેશ માટે પાસ કે ટોકન રાખવા જરૂરી નથી. ચિંતન શિબિરમાં એવું તે ક્યું કાર્ય કરવાનું છે કે, ફક્ત સિમીત લોકોને જ બોલાવીને ચર્ચા કરવી પડે ! પાટીદાર સમાજના નામે હાલ વ્યક્તિગત ધોરણે આ આંદોલન ચાલી રહ્યું હોવાનો આક્ષેપ પણ તેણે કર્યો છે. તેમજ કેટલાક સવાલો ઉઠાવતા તેનો સમાજને જાહેરમાં જવાબ આપવાનો પડકાર પણ તેણે ફેંક્યો છે.

## જય ભીમ યુવા ગ્રુપ ગોતા-વિકાસનગર દ્વારા તેજસ્વી તારલા સન્માન સમારોહ

જયભીમ યુવા ગ્રુપ-ગોતા-વિકાસનગર આયોજિત તેજસ્વી તારલા સન્માન સમારોહ યોજવામાં આવેલ. આ સમારોહનું ઉદઘાટન મુકેશ ગુર્જર-પ્રભારી ગુજરાત પ્રદેશ દલિત સેના, એલ.એન. પરમાર (ચેરમેનશ્રી સામાજીક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત-ગાંધીનગર), રામજીભાઈ મિસ્ત્રી (સમાલગોળ રોહિત સમાજ) તેમજ બાબુભાઈ મેસરવાલા (પ્રમુખ ગાંધીનગર જિલ્લા દલિત સેના) દ્વારા દીપ પ્રગટાવી ડૉ. બાબાસાહેબ આંબેડકરની છબીને ફુલહાર કરી કરવામાં આવેલ. આ પ્રસંગે ધો-૧૦ અને ધો-૧૨ના ઉચ્ચ ટકાવારી મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન સન્માનપત્ર, શિલ્ડ આપી મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.

**આગામી સુનાવણી આઠ જાન્યુ.ના રોજ થશે**

## રાજદ્રોહ કેસ મામલે સુનાવણી ટળી, હાર્દિક-દિનેશ રહ્યાં ગેરહાજર

અમદાવાદ,તા.૨૯

હાર્દિક પટેલ સામેના રાજદ્રોહ કેસ મામલે આજે વધુ એકવાર ચાર્જફ્રેમની કાર્યવાહી ટળી છે. હાર્દિકે કરેલી ડિશચાર્જ અરજી પર કોર્ટ રજા પર હોવાથી સુનાવણી ટળી છે. જેથી આગામી સુનાવણી ૮ જાન્યુઆરીના રોજ સેશન્સ કોર્ટ માં હાથ ધરાશે.

તો આજે કોર્ટના સુનાવણી હોવા છતાં હાર્દિક પટેલ અને દિનેશ પટેલ ગેરહાજર રહ્યાં હતા. જો કે આગામી સુનાવણી ૮ જાન્યુઆરીએ હાથ ધરાશે.

મહત્વનું છે કે અમદાવાદમાં નોંધાયેલા રાજદ્રોહ કેસમાં સેશન્સ કોર્ટ દ્વારા આજે સુનાવણી થવા હતી. હાર્દિક, ચિરાગ અને દિનેશ પટેલ પર રાજદ્રોહનો કેસ લાગેલો છે. જેથી કોર્ટના આદેશ મુજબ હાર્દિક, ચિરાગ અને દિનેશ પટેલ આજે કોર્ટમાં હાજર રહેવાના હતા. પરંતુ તેઓ ગેરહાજર રહ્યાં હતાં.

નોધનીય છે કે થોડા સમય અગાઉ હાર્દિકને જામીન અંગે હાઈકોર્ટમાં દલીલો ચાલી હતી. હાઈકોર્ટમાં સરકારી વકીલની સતત રજૂઆત હતી કે, જો હાર્દિકને જામીન અપાય તો રાજ્યમાં કાયદો-વ્યવસ્થા કથળેઅને ફરી રાજ્યમાં અશાંતિ ફેલાશે.

## મનપા વોર્ડ નં. ૩ના કોંગ્રેસ પ્રમુખનું રાજીનામું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં. ૩ના પ્રમુખ તરીકે ઘણા સમયથી મારી ફરજ નિષ્ઠાપુર્વક અને હિંમતથી નિભાવતો આવ્યો છું. પરંતુ સમયનો અભાવ અને ઘણા અંગત કારણોને લઈ સ્વેચ્છાએ રાજીખુશીથી કોઈ પણ અન્ય રાષ્ટ્રીય પાર્ટીમાં નહિ જોડાવાના નિશ્ચય સાથે લોકસેવા અને સામાજીક સેવાના નિર્ધાર સાથે હું ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીમાંથી મારું રાજીનામું આપું છું તેમ રાઠોડ રણવીરસિંહ રતનસિંહ એ જણાવ્યું છે.

# આજે શાળા સંચાલકો સામે લાલદરવાજા ખાતે દેખાવો થશે

**વિદ્યાર્થીઓ-વાલીઓ પણ ખૂબ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાય તેવી વકી : ફીની ઉઘાડી લૂંટ બંધ કરાવવા આંદોલન**

અમદાવાદ,તા. ૨૯

આવતીકાલે રાષ્ટ્રીય ગ્રાહક જાગૃતિ સપ્તાહના અંતિમ દિવસે તા.૩૦મી ડિસેમ્બરના રોજ ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય) દ્વારા શહેરમાં જાગો ગ્રાહક જાગો, સરકારને જગાડોના કાર્યક્રમનું એલાન આપવામાં આવ્યું છે. દરમ્યાન ગુજરાત હાઈકોર્ટે સરકારના ફી નિયમન કાયદાને બહાલ કરતાં હવે સ્વનિર્ભર શાળા સંચાલકોની મનસ્વી દાદાગીરી અને બેફામ ફી ઉઘારણાંની ઉઘાડી લૂંટ બંધ કરાવવા સમિતિના પ્રમુખ મુકેશ પરીખની આગેવાની હેઠળ ગ્રાહક સુરક્ષા અને અખિલ ભારતીય શિક્ષણ પરિષદના સંખ્યાબંધ કાર્યકરો આવતીકાલે બપોરે ૨-૩૦થી ૪-૩૦ દરમ્યાન ભદ્રકાળી મંદિર પાસે, લાલદરવાજાના ભરચક વિસ્તારમાં જોરદાર સૂત્રોચ્ચાર અને દેખાવોનો કાર્યક્રમ યોજવામાં આવશે. આવતીકાલના કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ ખૂબ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાય તેવી શકયતા છે. શિક્ષણજગતનું વ્યાપારીકરણ અટકાવવા, શાળા સંચાલકોની દાદાગીરી અને મનમાની લૂંટ-નફાખોરી અટકાવવા સંખ્યાબંધ કાર્યકરો દ્વારા સરઘસાકારે કુચ કાઢવામાં આવશે અને ગ્રાહક જાગૃતિ તેમ જ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓને સંગઠિત કરવા અને આ ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં સામેલ થવા પત્રિકાઓ-સાહિત્યનું વિતરણ કરાશે. આ પ્રસંગે કાર્યકરો દ્વારા વિશાળ બેનરો, પ્લે કાર્ડ અને પોસ્ટરો સાથે માર્મિક અને સંદેશાત્મક સૂત્રો દ્વારા પણ પોતાની વાતો રજૂ કરાશે. આ અંગે ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું હતું કે, શિક્ષણ સંસ્થાઓના સંચાલકોને પણ ગ્રાહક સુરક્ષા ધારો લાગુ પડે છે. નિયત ફી થી વધુ ફી લેવી અને નિયત સગવડો નહી આપી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે છેતરપીંડી કરી સેવામાં ખામી અને અનફેર ટ્રેડ પ્રેકટિસ કરનાર આવા કસૂરવાર શાળા સંચાલકો વિરૂધ્ધ ગ્રાહક ફોરમો વળતર અને ન્યાય આપવાનો હુકમ કરી શકે છે, માત્ર વિદ્યાર્થીઓ અને વાલીઓએ જાગૃત થવાની જરૂર છે.

હાઈકોર્ટના ચુકાદાને આવકારતાં મુકેશ પરીખે જણાવ્યું કે, સરકારના ફી નિયમન કાયદા મુજબ જ ફી ના અમલ તેમ જ આરટીઈ એકટની અમલવારી માટે પણ આગામી દિવસોમાં જોરદાર ઝુંબેશ ચલાવાશે. તેમણે ઉમેર્યું કે, વાલીઓ આવા નફાખોરી રળતા બદમાશ સંચાલકો સામે ગ્રાહક કોર્ટમાં ફરિયાદો કરી શકે છે, અમારી સંસ્થા વિદ્યાર્થીઓ અને વાલીઓને ન્યાય અપાવવા સદાય તત્પર રહેશે. આવા લાંચિયા, ભ્રષ્ટ અને નફાખોર સંચાલકોને ખુલ્લા પાડવા વિદ્યાર્થીઓ અને વાલીઓ નિર્ભયતાપૂર્વક આગળ આવે એવી પણ તેમણે અપીલ કરી હતી.

## અમદાવાદ ખાતે એપેરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલની પ્રાદેશિક કચેરીનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૨૯

રાજ્યના મુખ્યસચિવ શ્રી ડૉ. જે.એન.સિંહે જણાવ્યું છે કે, રાજ્ય સરકારની સ્પષ્ટ નીતિઓના કારણે રાજ્યમાં તૈયાર વસ્ત્રોના ઉત્પાદન ક્ષેત્રને નવું બળ મળશે, જેના કારણે રાજ્યમાં રોજગારીની વિપુલ તકો ઉભી થશે અને કપાસ પકવતા ખેડૂતોની ખેત પેદાશનું વધુ મૂલ્ય મળશે.

મુખ્યસચિવશ્રીએ ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ખાતે એપેરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલની ૧૨મી પ્રાદેશિક કચેરીનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કાપડ અને તૈયાર વસ્ત્રોની વધુને વધુ નિકાસ માટે ગુજરાત સજ્જ થયું છે. તેની પાછળ રાજ્ય સરકારની સ્પષ્ટ અને હિતકારી નીતિઓ જવાબદાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ગુજરાતના સ્થાનિક સ્તરે વિકસેલી અને વિસ્તરેલી વણાટ વ્યવસ્થા, ઘરેલું કોટન અને મેન મેઈડ ફાયબરના સવિશેષ ઉત્પાદનને કારણે ગુજરાતના આ ઉદ્યોગને વધુ સાનુકુળતા મળી છે, વધુ ફાયદો થયો છે. આ એવો ઉદ્યોગ છે જ્યાં મશીનનું ચક્ર ફરે છે ને કપાસ પકવતા ખેડૂતોના ખેત ઉત્પાદનને મૂલ્યવૃદ્ધિનો લાભ મળે છે એટલું જ નહીં યુવાનોને રોજગારી મળે છે.

રાજ્ય સરકાર ખેડૂતોની આર્થિક સ્થિતિ સુદ્રઢ બને તે માટે સતત પ્રયત્નશીલ છે તેના કારણે જ રાજ્ય સરકારે મબલખ મગફળીના અને કપાસના પાકની પૂરતી કિંમત મળી રહે તે માટે ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય લીધો છે. મગફળીની ટેકાના ભાવે વિપુલમાત્રામાં ખરીદી થઈ રહી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, રાજ્યના યુવાનોને રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકારે દેશભરમાં પ્રથમ વખત દસ વર્ષનું ભરતી કેલેન્ડર બનાવ્યું છે એટલું જ નહીં રોજગાર કચેરી મારફતે રોજગારી આપવામાં ગુજરાત સતત આઠ વર્ષથી દેશભરમાં પ્રથમ સ્થાને છે.


## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગામ ડુંગરાગોડ તાલુકો મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

**બામણી-૧**

૧.૨૦૦૦૦,લી જમીનતળની ટાંકી, હવાડો - ૨,૯૨,૩૦૫.૬૧

**બામણી-૨**

૨. ૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૨,૯૨,૩૦૫.૬૧

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂા.૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૦૪/૦૧/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજુ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૦૯/૦૧/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૧૨/૦૧/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર./ડી.ડી./બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ડુંગરગોડ જળ અને સ્વચ્છતા સમીતીના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજૂર કે રદ કરવાનો અબાધીત અધીકાર સમીતી નો રહેશે.

**: ટેન્ડર મોકલવાનું સરનામું :**
**અધ્યક્ષશ્રી ડુંગરાગોડ જળ અને સ્વચ્છતા સમીતી,**
**તાલુકો-મેઘરજ, જીલ્લો-અરવલ્લી**



